

## ડો. જોષીયારાના પાર્થિવદેવ પર મુખ્યમંત્રીની પુષ્પાંજલિ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભિલોડા મત વિસ્તારના ધારાસભ્ય સ્વ. ડૉ. અનિલ જોષીયારાના પાર્થિવ દેહ પર પુષ્પાંજલિ અર્પણ કરી સદગતને અંતિમ વિદાય આપી હતી. મુખ્યમંત્રી મંગળવારે સવારે ભિલોડા પહોચ્યા હતા અને ગઈકાલે સોમવારે, ચેન્નાઈમાં હોસ્પિટલમાં સારવાર દરમ્યાન દુઃખદ અવસાન પામેલા ડૉ. અનિલ જોષીયારાના શોકસંતપ્ત પરિવારજનોને ભિલોડામાં રૂબરૂ મળી સાંત્વના પાઠવી હતી. મુખ્યમંત્રી સાથે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્યમંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારી કુબેરભાઈ ડીંડોર, વિધાનસભા વિરોધપક્ષના નેતા સુખરામભાઈ રાઠવા તથા ધારાસભ્યો સર્વ રાજેન્દ્રસિંહ, પૂંજાભાઈ વંશ, જશુભાઈ પટેલ, અશ્વિન કોટવાલ અને અન્ય અગ્રણીઓએ પણ સદગતના નશ્વર દેહને પુષ્પાંજલિ અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# સિવિલમાં પીઆઈસીયુની જગ્યા બદલાશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જુની બિલ્ડીંગમાં હાલ પીડીયાટ્રીક આઈસીયુ આવેલું છે. ત્યારે હવે પીઆઈસીયુની જગ્યા બદલાશે. નવી બિલ્ડીંગમાં ત્રીજા માળે હિમોડાયાલિસીસની જગ્યાએ પીડીયાટ્રીક આઈસીયુ આગામી સમયમાં કાર્યરત થશે.

ગાંધીનગર સિવિલમાં કેટલાક નવા વોર્ડ ઉભા કરવામાં આવનાર છે. તેમજ કેટલાક વોર્ડમાં ફેરફાર ચાલી રહ્યા છે. એકતરફ નવી બિલ્ડીંગમાં પીઆઈયુ વિભાગ દ્વારા મરામતનું તો બીજીતરફ હોસ્પિટલમાં ફાયરનું કામ પણ પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે તાત્કાલીક વિભાગની ઉપરના માળે આવેલ પીડીયીટ્રીક આઈસીયુની જગ્યા બદલવાની ચર્ચા ચાલી રહી છે.જેને પગલે સિવિલમાં માલ સામાન ફેર બદલ કરતા કર્મચારીઓ પણ નજરે પડી રહ્યા છે. પીઆઈસીયુ ૬૦૦ બેડની હોસ્પિટલમાં ત્રીજા માળે હિમોડાયાલીસીસની જગ્યા પર લઈ જવાયું છે. ત્યારે કોરોના સમયમાં બંધ હોવાથી આ જગ્યામાં એસી તેમજ ઓકિસજન સહિતની સુવિધા બરાબર છે તેની ચકાસણી ચાલી રહી છે. ત્યારબાદ આગામી સપ્તાહમાં તમામ કામગીરી પુરી થઈ ગયા બાદ પીઆઈસીયુ ખસેડવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- ઔડાએ વાસણ ગામમાં વિકાસના કામો માટે રૂ. ૧૪ લાખ જેટલી માતબર રકમ મંજૂર કરી છે.
- ગાંધીનગર મનપાએ ખુલ્લા પ્લોટોમાં હોલિકાદહન કરવા માટે અપીલ કરી છે જેથી માર્ગોને નુકશાન ન થાય.
- ગાંધીનગર મનપા દ્વારા નવા વ્યવસાયકારોના રજીસ્ટ્રેશન અને આધાર કાર્ડના સુધારાઓ માટે અભિયાન હાથ ધર્યુ છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક મળશે.
- આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પ્રાકૃતિક ખેતી અંગે એક બિનસરકારી સંકલ્પ રજુ કરશે.
- દહેગામ તા. વિકાસ અધિકારીએ પહાડિયા સુજાના મુવાડા ગામની ગૌચર જમીનમાં દરોડા પાડી જેસીબી અને ટ્રેક્ટર રેતી ચોરી કરતા જપ્ત કર્યા છે.
- ઉનાવાની શેઠ સી.સી. શાહ વિદ્યામંદિર અને એ.બી. પટેલ વિદ્યા મંદિર દ્વારા સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક કેસ શહેરમાં સમાવિષ્ટ રાંદેસણ ગામમાં નોંધાયો છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધતાં ૧૨ વાગ્યાથી માર્ગો સુમસામ બની જાય છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને પગલે ઈવનીંગ વોકર્સની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

## મધુર ડેરીએ ભાજપ પ્રદેશ અધ્યક્ષનો જન્મદિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી) દ્વારા ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે સેકટર-૨૮ની બહેરા મૂંગાની શાળામાં મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા તથા તેમની ટીમે બાળકો વચ્ચે ખૂબ ઉત્સાહભેર ઉજવણી કરી હતી. નાના ભૂલકાઓએ સી.આર. પાટીલને ખૂબ જ હેત ભર્યા વ્હાલ આપીનો જન્મ દિવસનાં અભિનંદન પાઠવ્યા હતાં અને સંગીતના તાલે એક નાદે "તુમ જીયો હજારો સાલ ઔર સાલ કે દિન હો દશ હજાર" જેવા નારા પોકાર્યા હતા.

આ સાથે આદિવાડા ગામ ખાતે રહેતા તમામ ગરીબ બાળકોને મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા અને તેમની અધિકારીઓની ટીમ દ્વારા ૨૦૦ એમ.એલ.ના ફ્લેવર મિલ્કના પાઉચનું વિતરણ કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

# શાહપુર બ્રિજ પાસે રીક્ષાચાલકને માર મારી લુંટ ચલાવી બે શખ્સો ફરાર

### રીક્ષાચાલક પાસેથી રોકડા રૂ.૧૫૦૦ તેમજ ચાંદીની લકીની લુંટી લીધી

ગાંધીનગર, તા.૧૫

શહેરના રક્ષાશકિત સર્કલ થી ગીફટસીટી તરફના માર્ગ પર સાબરમતિ નદીના છેડે મુસાફરના સ્વાંગમાં રીક્ષામાં સવાર લુખ્ખા તત્વએ સાગરીત સાથે મળી રીક્ષા ચાલકને નિવસ્ત્ર કરી રૂ.૧૫૦૦ રોકડા, ચાંદીની લકી સહિતની ચીજવસ્તુની લુંટ ચલાવી હોવાની ઘટના સામે આવી છે. ઘાયલ રીક્ષા ચાલકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે એડમીટ કરવામાં આવ્યો છે. બનવા અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ઠાકોરવાસમાં રહેતા ભીમાભાઈ ઠાકોર રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ શહેરના માર્ગો પર શટલના ફેરા મારી ધંધો કરે છે. ત્યારે આજે બપોરના સુમારે એક મુસાફર તેમની રીક્ષામાં બેઠો હતો અને કહેવા લાગ્યો હતો કે સામાન લેવા માટે ડભોડા તરફ જવાનું છે.

જેથી ભીમાભાઈ તેને લઈને ડભોડા તરફ રીક્ષા લઈને જઈ રહ્યા હતા.ત્યારે બપોરના સુમારે રક્ષાશકિત સર્કલ થી ગીફટસીટી તરફના માર્ગ પર નદીના બ્રિજના છેડે મુસાફરના સ્વાંગમાં બેઠેલા શખ્સે રીક્ષા ઉભી રખાવતા ભીમાભાઈએ સહજતાથી રીક્ષા ઉભી રાખી હતી. તે સમયે એક બીજો શખ્સ રીક્ષા પાસે આવી ગયો હતો. ત્યાબાદ ભીમાભાઈને ધાકધમકી આપી લુખ્યા તત્વોએ ભીમાભાઈને માર મારી તેમના કપડા કાઢી નિવસ્ત્ર કરી દીધા હતા. ભીમાભાઈએ પણ બંન્ને તત્વો સામે પ્રતિકાર કર્યો હતો પરંતુ સફળ રહ્યા ન હતા. હથીયાર દેખાડી લુંટારૂઓએ ભીમાભાઈ પાસેથી રોકડા રૂ.૧૫૦૦ તેમજ ચાંદીની લકી સહિતની વસ્તુઓ પડાવી લીધી હતી. આ બનાવ પછી સ્વસ્થ થયેલા ભીમાભાઈ નિવસ્ત્ર હાલતમાં બ્રિજની બહારની તરફ આવ્યા હતા અને કોઈ નાગરીકની મદદથી શરીર ઢંકાય તેવા કપડા પહેરી ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રૂપાલ ગામે ખુલ્લા ખરાબામાં બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જુગારની પ્રવૃતિ પુરબહારમાં ખીલી રહી છે. ત્યારે પોલીસ પણ જુગારીઓને પકડી પાડવા માટે કમરકસી રહી છે. તાજેતરમાં રાંધેજાની સીમમાં ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ૪ શકુનીઓને પોલીસે પકડી પકડી પાડ્યા હતા. ત્યારે રૂપાલ ગામની સીમમાં ખારા વિસતારમાં ખુલ્લા ખરાબામાં બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારીઓને પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૬,૯૮૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે રૂપાલ ગામ આવતા સાથે રહેલા જયપાલસિંહ કરણસિંહને ખાનગી રાહે બાતમી મળી કે રૂપાલ ગામ ખારા વિસ્તારમાં ખુલ્લા ખરાબામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળા સ્થળ પર જઈ તપાસ કરતા કુંડાળુ વળીને જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ શખ્સો કોર્ડન કરી પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે નામ પુછતા શખ્સોએ જયેશકુમાર અરવિંદભાઈ પટેલ (ઉં.૩૮, રહે, રૂપાલ ગામ નવો મહાદેવવાળો વાસ ગાંધીનગર), મુકેશકુમાર ચિમનભાઈ પટેલ (ઉં.૨૫ રૂપાલ ગામ ટાપળાવાળો વાસ ગાંધીનગર), તેમજ દેવાંગકુમાર દશરથભાઈ પટેલ (ઉં.૩૦ રહે, રૂપાલ ખાંટવાસ ગાંધીનગર) નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતીમાંથી રોકડા રૂ.૧૬,૦૩૦ અને દાવ પર રોકડા રૂ.૯૫૦ મળી કુલ રૂ.૧૬,૯૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઈન્ડસ યુનિવર્સિટી ખાતે સાઈબર સેફટી અવેરનેસનો કાર્યક્રમ યોજાયો

શહેરની ઈન્ડસ યુનિવર્સિટી ખાતે, અમદાવાદ ગ્લોબલ શેપર્સ, અમેરિકન કોર્નર અને ઈન્ડસ યુનિવર્સિટી વુમન ડેવલપમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે "સાઈબર સેફટી - થિંક બીફોર યુ એક્ટ" નામનો સાઈબર સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં એક્સપર્ટ દ્વારા સાયબર બુલિંગ, સેક્સુઅલ હેરેસમેન્ટ, ઓનલાઈન ફ્રોડ, ડિફેમેશન, પોર્નોગ્રાફી જેવા અનેક વિષયો ઉપર માહિતી આપી હતી.

ઘણા સંગઠિત ગેંગ અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે જે આકર્ષક ઓફરના નામે લોકોને છેતરે છે. લોભ અને ઓનલાઈન નાણાકીય વ્યવહારો અંગે જાગૃતિના અભાવે આવા ઘણા ગુનાઓ થાય છે. તેની તકેદારી વધારવાની જરૂર છે. અને કોઈપણ સમયે સાઈબર ક્રાઈમ થાય તેને છુપાવુ ના જોઈએ અને તરત જ પોલીસ ફરિયાદ કરવીજોઈએ.



આ કાર્યક્રમમાં અમદાવાદ ગ્લોબલ શેપર્સના વાઈસ ક્યુરેટોર કૃણાલ શાહ, અમેરિકન કોર્નરના તેજલ વસાવડા, ઈન્ડસ યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલના તમામ સભ્યો અને એક્સપર્ટ વિરલ પરમાર અને લીઝા વંજાની ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા વિજ્ઞાનીઓનું સન્માન કરીને ફોરેન્સિક યુનિવર્સિટીએ મહિલા સશક્તિકરણને બળ આપ્યું

### નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે ૧૧ મહિલા વિજ્ઞાનીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ખાતેની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા દેશની ખ્યાતનામ ૧૧ મહિલા વૈજ્ઞાનિકોના વિશિષ્ટ પ્રદાન માટે






તેમની સેવાઓને સન્માનિત કરવાનો આજે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ ડો. જે.એમ. વ્યાસને વર્ષ-૨૦૨૨માં પદ્મશ્રી એવોર્ડ માટે પદનામિત કરાયા તે બદલ વિધાનસભા અધ્યક્ષ ડૉ.નીમાબેન આચાર્યએ તેમને અભિનંદન પાઠવી નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ફકત દેશમાં જ નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી નામના મેળવી રહી છે તેનો સંપૂર્ણ શ્રેય તેમને આપ્યો હતો.

અધ્યક્ષાએ કહ્યું કે ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની રચના કરવાનો મુખ્ય હેતુ ગુન્હા ક્ષેત્રના ઉકેલ માટે વૈજ્ઞાનિક ટેકનિકલ નિષ્ણાંતોની ઉણપ દૂર કરવાનો છે. ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની સ્થાપનાથી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ગુન્હા સંશોધન ક્ષેત્રમાં અને આંતરિક સલામતી વ્યવસ્થા ઊભી કરવા માટે હાલ જણાઈ રહેલ ઉચ્ચકક્ષાની ટેકનિકલ નિષ્ણાતોની ઉણપ દૂર થશે.

અધ્યક્ષાએ કહ્યું કે રાજમાતા મીનળદેવીએ સદીઓ પહેલાં ગુજરાત પર શાસન કર્યુ હતું. જયારે આપણા મુખ્યમંત્રી મહિલા થઈ ગયા હોય, લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજનજી પણ એક મહિલા તરીકે સંસદ ચલાવતા હોય. થોડા સમય અગાઉ આપણા રાષ્ટ્રપતિ પ્રતિભાજી પાટીલ પણ એક મહિલા તરીકે સમગ્ર દેશના વહીવટનું સંચાલન કરતા હોય એવા સમયે આપણે પણ સંગઠિત અને મજબુત બની આગળ આવવું જરૂરી છે. ગુજરાત સરકારે મહિલા સશકિતકરણની દિશામાં અનેક પગલાંઓ ભર્યા છે. ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે મને જે જવાબદારી સોંપવામાં આવી છે તેને હું સફળતાપૂર્વક નિભાવી રહી છું. સ્ત્રી એ સામાજિક શકિત છે. આજે આપણે સ્ત્રી સશક્તિકરણ અને સામાજિક સમાનતા અને અધિકારીતા વિષે પ્રયત્નશીલ છીએ ત્યારે સમાજના મુખ્ય પ્રવાહમાં પુરૂષો સાથે મહિલાઓ અભિન્ન અંગ બની રહે તે જરૂરી છે.

તેમણે ઉમેર્યુ કે ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રની આ રાષ્ટ્ર તેમજ વિશ્વની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે. જે ગુજરાત અને સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે. આ યુનિવર્સિટી દ્વારા સીનીયર ફોરેન્સીક મહિલા વિજ્ઞાનિકોનું સન્માન કરી વડાપ્રધાનની મહિલા સશકિતકરણની હિમાયતને બળ પુરૂ પાડયું છે.

# દહેગામના યુવકે સેકટર-૨૬ ખાતે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

### યુવક છેલ્લા ૬ માસથી શહેરમાં રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતો હતો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે આવેલી શ્રી હોસ્ટેલમાં રહી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવકે અગમ્ય કારણોસર હોસ્ટેલની ગેલેરીમાં રાત્રીના સમયે ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકના જાલીયાના મઠ ગામનો ૨૩ વર્ષિય યતિન મનુભાઈ પરમાર ગાંધીનગર સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં.૬૭૫ ખાતે આવેલી શ્રી હોસ્ટેલમાં રહીને છ માસથી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરી રહ્યો હતો. ગઈરાત્રે વિદ્યાર્થીઓ પોતાના રૂમમાં સુઈ ગયા હતા.તે સમયે યતિન હોસ્ટેલની ગેલેરીમાં પહોંચ્યો હતો અને જયાં હુંક સાથે પ્લાસ્ટીકની દોરી બાંધ ગળેફાસો ખાઈ લીધો હતો. આજે વહેલી સવારે હોસ્ટેલના સંચાલક વિરાજ પટેલને બનાવ અંગે જાણ થતા તાત્કાલીક આવી પહોંચ્યા હતા અને સેકટર-૨૧ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચીને યુવકના મૃતદેહને નીચે ઉતારી પીએમઅર્થે ગાંધીનગર સિવિલ મોકલી આપ્યો હતો. આ યુવકે કયાં કારણોસર આપઘાત કર્યો છે તે અંગે ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. બનાવ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ ચલાવી રહ્યા છે.

## શેરથા કસ્તુરીનગર પરા ચોકમાંથી જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

શેરથા ગામની સીમમાં કસ્તુરીનગર પરા ખાતે આવેલા ખુલ્લા ચોકમાં જુગાર રમતા શખ્સોને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૦,૨૩૦ અને દાવ પરથી રોકડા રૂ.૮૪૦ મળી કુલ રૂ.૧૧,૦૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન શેરથા ગામ આવતા પોલીસને બાતમી મળી હતી કે કસ્તુરીનગર પરા ખાતે આવેલા ખુલ્લા ચોકમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે ચાર જુગારીઓને સ્થળ પરથી પકડી પાડ્યા હતા. જેમાં મહેન્દ્ર રમેશજી ઠાકોર, અમરતજી બાબુજી ઠાકોર, ચિરાગ વસંતભાઈ જામળીયા (ત્રણેય રહે. કસ્તુરીનગર પરા શેરથા ગામ) તેમજ પ્રકાશ શિવશંકર યાદવ (યશોધાનગર સઈજ ગામ) નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



## ગ્રામ શિબિર મહુન્દ્રામાં આયુર્વેદના મહત્વ અંગેનો સેમિનાર યોજાયો

આઝાદી અમૃત મહોત્સવ યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના એકમ- સાદરા દ્વારા મહુન્દ્રા ગામમાં ગ્રામશિબિર આયુર્વેદના મહત્વ વિશે ૧૦૫ સ્વયંમસેવકો માટેનો સેમિનાર યોજવામાં આવ્યો. સ્વયમ સેવકોના પ્રશ્નો અને નિષ્ણાત વૈદ્યના જવાબો દ્વારા માનવજીવનમાં થતા રોગો જેવા કે ખસ, ખુજલી, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, અશક્તિ, શ્વસનતંત્રના રોગો, ગર્ભાશયના રોગો, કબજીયાત વગેરે રોગોનો ઈલાજ આયુર્વેદિક દવાઓના નામ સાથે સંવાદ થયો. વૈદ્ય પ્રહલાદભાઈ પટેલ દ્વારા સુષ્મણા નાડી જાગૃત કરવા માટેનું નિદર્શન કરાયું. શિબિર સંચાલક ડૉ. રાજેન્દ્ર જોષી, ડૉ. મોતી દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટે આ સેમિનારનું આયોજન કર્યુ. સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે સેમિનારના મુખ્ય વક્તા વૈદ્ય પ્રહલાદભાઈ પટેલનું સ્વાગત કર્યુ હતુ. તેમજ આ આયુર્વેદિક સેમિનારમાં ચીલોડા ગામના પત્રકાર નટુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામ શિબિરાર્થીઓને યુવા પ્રેરક વાર્તાલાપ કર્યો હતો.

# મહુન્દ્રા ગામે ગૃહ સુશોભન અને મહોલ્લા હરીફાઈનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ આયોજીત ગ્રામસેવા શિબિરના છઠ્ઠા દિવસે મહુન્દ્રા ગામે ગૃહ સુશોભન હરીફાઈ અને મહોલ્લા હરીફાઈનું આયોજન ટુકડી નંબર ૧, ૨, ૩, ૪ અને ૫ દ્વારા કરાયુ. જેમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ. નયનેશ વસાવા અને પત્રકાર નટુભાઈ પટેલે ભજવી. આ સ્પર્ધાઓથી ગામના ફળીયાં અને ઘર ચોખ્ખાંચટ કરાયાં જે સ્વચ્છતા-સફાઈનો જન સમૂહમાં કેળવાય તે રહ્યો. આજની મહોલ્લા સ્પર્ધામાં પ્રથમ નંબરે દરબારવાસ અને બીજા નંબરે પરબડી વાસનો આવ્યો તેવી જ રીતે ગૃહ સુશોભન હરીફાઈમાં પ્રથમ નંબરે નયનાબેન સોલંકી અને સ્નેહાબેન રાવલનો



તેમજ બીજા નંબરે જતનબેન રબારીનો આવ્યો. આ સ્પર્ધાના વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામો મહુન્દ્રા ગામના સરપંચ તથા ગામના આગેવાનોએ વ્યવસ્થા કરી. સંકુલ સંયોજક રમેશભાઈ પટેલે શિબિર મંત્રી ભાવના ચાવડાએ, આરોગ્યમંત્રી હેપ્પી પટેલે સમગ્ર વ્યવસ્થા ગોઠવવા મદદ કરી.

**I have changed my name**

Old name from Nayee Ketaniben Ketan to New name is Nai Ketaniben Ketankumar

Address : Nayi Vas, Nadri, Gandhinagar-382735

## જાહેર નોટીસ

**મે. પાટણના ત્રીજા એડી.સીની.સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. પાટણ**

દિવાની પર.અ.ન.૧૬/૨૦૨૧

મુ.તા. ૧૨/૪/૨૦૨૨

**અરજદાર :** પરમાર કાન્તીભાઈ શંકરભાઈ
રહે. હાલ-ડી.૨૦૩, પંજૂરી પેલેસ, ન્યૂ વાવોલ, ગાંધીનગર
મૂળ રહે - વડલી, તા.જી. પાટણ

**વિરૂદ્ધ**

**સામાવાળા :** કોઈ નથી.

**અરજ :** ભારતીય વારસા અધિનિયમની કલમ-૩૭૨ પ્રમાણે વારસાઈ સર્ટીફિકેટ મેળવવા અરજ.

આથી ઉપરોક્ત કામમાં હીત ધરાવતા તમામ શખ્સોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે,

ઉપર જણાવેલ અરજદારે આ કામે ગુજરનાર પરમાર માણેકબેન શંકરભાઈએ દેના ગુજરાત ગ્રામીણ બેંક, પાટણ શાખામાં રૂ. ૭૦૩૪૧૭/-ની રકમની નં. -૦૬૮૪૯૫ થી એફ.ડી. કરેલ છે. જે રકમ મેળવવા સારૂ અરજદારે અરજી કરેલ પરંતુ આ કામે સદર રકમ મેળવવા વારસાઈ પ્રમાણપત્રની જરૂરિયાત હોઈ જેથી વારસાઈ સર્ટીફિકેટ મેળવવા સારૂ સદરહુ અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. આ વારસાઈ પ્રમાણપત્ર હાલના ગુજરનારના કાયદેસરના વારસદારને (અરજદાર) આપવા સામે કોઈપણ વ્યક્તિને કોઈપણ જાતનો વાંધો યા તકરાર હોય તો અત્રેની કોર્ટમાં મુદત તારીખ - ૧૨/૪/૨૦૨૨ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે જાતે અગર માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ અરજી સાંભળીને કાયદેસરનો નિકાલ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તારીખ ૧૪/૩/૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/ | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (જે. એમ. ચૌધરી) | (પી.જે.પાધ્યા) | | (એસ.બી. મેવાડા) |
| આસીસ્ટન્ટ | ડે. રજીસ્ટ્રાર | | રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, પાટણ |